# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.06.2026** **MORNING: 7.45 TO 7.55**

**Day: FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

**************************************************

1) નીતિ આયોગની બેઠકમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે,ભારતની વિકાસગાથા વિશ્વને પ્રેરણા આપી રહી છે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઉત્તરાખંડની બે દિવસની મુલાકાતે જશે.

3) કેન્દ્ર તેમજ આસામ અને નાગાલેન્ડ સરકાર વચ્ચે ક્રૂડ ઓઇલ અને કુદરતી ગેસના સંશોધન અને ઉત્પાદન માટે સમજૂતી કરાર થયા

4) વિદેશમંત્રીએ સંઘર્ષના સમયે આંતરરાષ્ટ્રીય સમુદાયને રાજદ્વારી વાટોઘાટો પર ભાર મૂક્યો.

5) ખાડી ક્ષેત્રમાં ભારતીય નાવિકોની સુરક્ષા માટે સરકાર કટીબદ્ધ

6) ED એ IDFC બેંક સાથે 6 હજાર કરોડની છેતરપિંડી કેસમાં 2 વ્યકતીઓની ધરપકડ કરી

7) ICC મહિલા T20 ક્રિકેટ વર્લ્ડકપ આજથી શરૂ.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જ્યારે ઘણી મોટી અર્થવ્યવસ્થાઓ અનિશ્ચિતતા અને આર્થિક પડકારોનો સામનો કરી રહી છે, ત્યારે ભારતની વિકાસગાથા વિશ્વને પ્રેરણા આપી રહી છે.

ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે નીતિ આયોગની 11મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરતા, તેમણે આત્મનિર્ભરતા પ્રત્યે રાષ્ટ્રના સંકલ્પને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને ખાસ કરીને નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં વૈશ્વિક શ્રેષ્ઠ પધ્ધતિઓ અપનાવવા અને અમલમાં મૂકવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. પ્રધાનમંત્રીએ રાજ્યોને એક જિલ્લો એક ઉત્પાદન પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને તેની આસપાસ નિકાસલક્ષી વ્યૂહરચના વિકસાવવા વિનંતી કરી.

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઉત્તરાખંડની બે દિવસની મુલાકાતે જશે.

આ મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ ભારતીય લશ્કરી એકેડેમી, દેહરાદૂનમાં 158 મા નિયમિત અભ્યાસક્રમ અને 141 મા ટેકનિકલ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની પાસિંગ આઉટ પરેડનું નિરીક્ષણ કરશે

# AMIT SHAH MOU

આસામ-નાગાલેન્ડ સરહદ પર ક્રૂડ ઓઇલ અને કુદરતી ગેસના સંશોધન અને ઉત્પાદન માટે કેન્દ્ર અને આસામ અને નાગાલેન્ડ સરકારો વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા અને નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયોની હાજરીમાં નવી દિલ્હીમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## (BYTE - AMIT SHAH MOU)

આ પ્રસંગે બોલતા, શ્રી શાહે તેને એક ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી કારણ કે આ પહેલ તેલ અને કુદરતી ગેસના સંશોધનની સંભાવનાઓને વધારશે અને ખનિજ ખાણકામ માટે પણ શક્યતાઓ ખોલશે.

તેમણે કહ્યું કે, આ નિર્ણય રાષ્ટ્ર પ્રથમ અને સહકારી સંઘવાદની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ગૃહમંત્રીએ કહ્યું કે, આ કરાર પ્રદેશમાં તેલ અને ગેસના સંશોધનને નોંધપાત્ર રીતે વેગ આપશે. આ ક્ષેત્રમાં તેલ ક્ષમતા જે હાલમાં એક હજારથી એક હજાર પાંચસો બેરલ પ્રતિ દિવસ છે તે આ સમજૂતી કરાર દ્વારા દસ ગણાથી વધુ વધવાની અપેક્ષા છે.

શ્રી શાહે માહિતી આપી હતી કે એક જ ક્ષેત્રમાં 15 હજાર કરોડ રૂપિયાથી વધુની આવકની સંભાવના રહેલી છે.

# JAISHANKAR-KULTARANTA TALKS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સંઘર્ષના સમયે આંતરરાષ્ટ્રીય સમુદાયને રાજદ્વારી વાટોઘાટો પર ભાર મૂક્યો. વધતા જતા અસ્થિર વિશ્વમાં સપ્લાય ચેઇન્સને જોખમમુક્ત કરવા અને વૈવિધ્યીકરણ કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો

શ્રી શંકરે ફિનલેન્ડમાં કુલતારંતા મંત્રણામાં ઉભરતી શક્તિઓ અને નવી ભૂ-રાજકીય સ્પર્ધા પર તેમના ફિનિશ સમકક્ષ એલિના વાલ્ટોનેન અને યુ. એ. ઈના સહાયક વિદેશ મંત્રી લાના નુસીબેહ સાથે ચર્ચામાં ભાગ લેતા આ વાત કહી હતી.

ડૉ. જયશંકરે અવલોકન કર્યું કે યુદ્ધનું સ્વરૂપ ઝડપથી બદલાય રહ્યું છે, નવી ટેકનોલોજી, શસ્ત્રો અને યુક્તિઓ પરંપરાગત સંઘર્ષ સ્વરૂપો સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. ભારત અને સરક્ષણ – વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત બની રહી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, મંત્રીએ જણાવ્યું હતું કે ભારત અને ફિનલેન્ડ ડિજિટલાઇઝેશન અને ટકાઉપણુંમાં વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે, જ્યારે સહિયારા હિતના મુદ્દાઓ પર બહુપક્ષીય મંચ પર સંકલનને મજબૂત બનાવે છે.

## (BYTE - JAISHANKAR)

# GOYAL- SWITZERLAND VISIT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આજથી સ્વિટ્ઝર્લૅન્ડના બે દિવસની મુલાકાતે જશે.

આ મુલાકાત દરમિયાન, મંત્રી સ્વિટ્ઝર્લૅન્ડના રાષ્ટ્રપતિ ગાય પરમેલિન અને આર્થિક બાબતોના રાજ્ય સચિવ હેલેન બુડલિગર આર્ટીએડાને મળશે. શ્રી ગોયલ સ્વિસ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના અગ્રણી પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરશે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મુલાકાત ભારત-સ્વિટ્ઝર્લૅન્ડ આર્થિક ભાગીદારીને મજબૂત બનાવશે અને ભારત-યુરોપિયન મુક્ત વેપાર સંગઠન (EFTA) વેપાર અને આર્થિક ભાગીદારી કરારના અમલીકરણ દરમિયાન, મંત્રી દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વિસ્તૃત કરવાની તકો પર ચર્ચા કરવા અને ગાઢ આર્થિક સહયોગ માટેના માર્ગો શોધવા માટે ઝુરિચમાં સ્વિસ કંપનીઓ અને રોકાણકારો સાથે પણ વાતચીત કરશે.

# PSW MINISTRY - SEAFARERS

સરકાર અને જળ માર્ગ મંત્રાલય ગલ્ફ ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષાની પરીસ્થિતિ વચ્ચે દરેક ભારતીય નાવિકની સલામતી, સુરક્ષા અને કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય નાવિકોની સુરક્ષા માટે જહાજ સંચાલકો અને શિપિંગ કંપનીઓને પ્રવર્તમાન દરિયાઈ સુરક્ષા પ્રોટોકોલનું કડક પાલન કરવા ભાર મૂક્યો છે. ભારતીય અને વિદેશી જહાજોમાં સેવા આપતા તમામ ભારતીય નાવિકોને ઉચ્ચતમ સ્તરની સાવધાની અને સતર્કતા રાખવાની સલાહ આપી છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે સરકાર ગલ્ફ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને તેમણે કહ્યું કે વિદેશમાં તમામ સંબંધિત મંત્રાલયો, એજન્સીઓ અને મિશન જ્યારે પણ જરૂર પડે ત્યારે સમયસર સહાય અને સહાય સુનિશ્ચિત કરવા માટે નજીકના સંકલનમાં કામ કરી રહ્યા છે.

સીમેન વેલ્ફેર ફંડ સોસાયટીને દરેક મૃતક નાવિકના પરિવારોને 10 લાખ રૂપિયાની સહાય ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ભારતીય નાવિકો અને તેમના પરિવારોને સહાય પૂરી પાડવા માટે સમર્પિત સંદેશાવ્યવહાર ચેનલો અને કટોકટી પ્રતિભાવ પદ્ધતિઓ ચોવીસ કલાક કાર્યરત રહે છે.

# ED

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ IDFC બેંક છેતરપિંડી કેસમાં ચાલી રહેલી તપાસના સંદર્ભમાં હરિયાણાના વિકાસ અને પંચાયત નિયામકના કાર્યાલયમાં તત્કાલીન સુપરિન્ટેન્ડેન્ટ નરેશ કુમારની ધરપકડ કરી છે.

તેમની મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA), 2002 ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની તપાસમાં હરિયાણા સરકાર, ચંદીગઢ વહીવટીતંત્ર અને IDFC ફર્સ્ટ બેંક સાથે જોડાયેલી બે ખાનગી શાળાઓના બેંક ખાતાઓ માંથી 6045 કરોડ રૂપિયાના જાહેર ભંડોળની ઉચાપતનો ખુલાસો થયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WOMENS T20 WORLD CUP

ICC મહિલા T20 ક્રિકેટ વર્લ્ડ કપની 10મી આવૃત્તિ આજથી શરૂ થશે, જેમાં યજમાન ઇંગ્લેન્ડ ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં શ્રીલંકા સામે ટકરાશે.

એક મહિના સુધી ચાલનારી આ ટુર્નામેન્ટ સમગ્ર ઇંગ્લેન્ડ અને વેલ્સમાં રમાશે અને ફાઇનલ 5 જુલાઈએ પ્રતિષ્ઠિત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે.

ભારતીય મહિલા ટીમ આવતા રવિવારે પાકિસ્તાન સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ટીમ પ્રથમ T20 વર્લ્ડ કપ ટાઇટલ માટે ટકરાશે.

ટુર્નામેન્ટના ઇતિહાસમાં પ્રથમ વખત, 12 ટીમો ભાગ લેશે, જેમાં સાત સ્થળોએ 33 મેચો યોજાશે, જે તેને ICC મહિલા T20 વર્લ્ડ કપનું અત્યાર સુધીનું સૌથી મોટું સંસ્કરણ બનાવશે.

# FIFA

મેક્સિકો સિટીમાં ફિફા વર્લ્ડ કપ 2026 નો ગઈકાલે રાત્રે ભવ્ય ઉદ્ઘાટન રંગારંગ સમારોહ સાથે પ્રારંભ થયો.

## (BYTE – MUKESH)

એઝટેકા સ્ટેડિયમ ખાતે રમાયેલી શરૂઆતની મેચમાં સહ-યજમાન મેક્સિકોએ દક્ષિણ આફ્રિકાને 2-0 થી હરાવ્યું. નવમી મિનિટે જુલિયન ક્વિનોન્સે મેક્સિકો તરફથી ઓપનિંગ ગોલ કરીને યજમાન ટીમને લીડ અપાવી. બાદમાં, રાઉલ જીમેનેઝે 67મી મિનિટે ગોલ કરીને મેક્સિકોને 2-0થી લીડ અપાવી.

# ARCHERY WORLD CUP

તુર્કી માં રમાય રહેલી તીરંદાજી વર્લ્ડ કપમાં ભારતીય બી. ધીરજ અને કુમકુમ મોહદની મિક્સ જોડીની ટીમ ફાઇનલમાં પહોંચી.

બાય મળ્યા બાદ, ભારતીય જોડીએ સતત ઉચ્ચ સ્કોર નોંધાવવ્યો હતો.ઓલિમ્પિયન ધીરજ અને રુકી કુમકુમનો મુકાબલો કોરિયાના ઓલિમ્પિક મેડલ વિજેતા કિમ જે દેઓક અને ભૂતપૂર્વ વિશ્વ યુવા ચેમ્પિયન ઓહ યેજિન સાથે 14 જૂનના રોજ ખિતાબી મુકાબલામાં થશે.

# JK –AMRNATH

જમ્મુ અને કાશ્મીરમાં, અમરનાથ યાત્રા પહેલા રામબન જિલ્લામાં રસ્તાના સમારકામ માટે આજ થી 17 જૂન સુધી જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH 44) ના કેટલાક ભાગો પર રાત્રિના સમયે ટ્રાફિકની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

12 જૂન થી 17 જૂનની રાત્રે નાશ્રી અને નવયુગ ટનલ વચ્ચે વાહનવ્યવહાર સ્થગિત રહેશે. 3 જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રાની તૈયારીમાં સમારકામનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. વાહનો કાર્યસ્થળોની નજીક ફસાઈ ન જાય તેની ખાતરી કરવા માટે, અધિકારીઓએ હાઇવેની બંને બાજુએ વધારાની અવરજવર પર પ્રતિબંધ છે

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ...

1. આજના અખબારોમાં અમેરિકાના હુમલામાં ત્રણ ભારતીયના મોત... અમદાવાદ એર ઈન્ડિયા પ્લેન ક્રેશની આજે વરસીના સમાચાર વાંચવા મળી રહ્યા છે..
2. સંદેશ પ્રથમ પાને લખે છે ભારતીય ક્રૂ સાથેના વધુ એક જહાજ પર યુએસ નેવીનો હુમલો.... અમદાવાદ એર ઈન્ડિયા પ્લેન ક્રેશની આજે વરસી, અકસ્માતનો અંતિમ અહેવાલ એક વર્ષની મુદતમાં આવી શક્યો નહીં. એન્જિન તપાસ હજી અધૂરી...
3. દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે અમેરિકાના હુમલામાં ત્રણ ભારતીયના મોત, 4 દિવસમાં ત્રીજો ભીષણ હુમલો... ગૃહિણીઓ માત્ર હોમ મેકર નથી, તેઓ રાષ્ટ્ર નિર્માતા છે- સુપ્રિમ કોર્ટ...
4. વગુજરાત પ્રથમ પાને લખે છે ખડગે, ખેરા, ભાજપના પૂનિયા અને તરૂણચૂગ સહિત 24 ઉમેદવારો રાજ્યસભામા બિનહરીફ ચૂંટાયા,,,,,મમતાના ગઢમાં ગાબડું, તૃણમુલ કોંગ્રેસના વધૂ બે સાંસદોના રાજીનામાથી દિલ્હી સુધી ભૂકંપ...
5. ગુજરાત સમાચાર લખે છે મોંઘવારી તો મને બહુ ગમે છે- ટ્રમ્પના નિવેદનથી અમેરિકામાં મોટો હોબાળો...
6. સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો પ્લેન ક્રેશના સ્થળે નવી સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ અને રીહેબ સેન્ટર બનશે....સૌથા મોંઘી 3 લાખની કિલો જાપાનીઝ કેરીના ભારતમાં 1700 જ ઉપજ્યાં...ગુજરાતમા વરસાદનુ કાઉન્ટડાઉન શરૂ- 23થી 26 જૂન વચ્ચે ચોમાસુ બેસવાની આગાહી....જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે...